| **Headline:** NSE Selected Citi group, Morgan Stanley for IPO | |
|---|---|
| **Source:** Economic Times Gujarati | **Date:** 24 August 2016 |

# NSEએ IPO માટે સિટીગ્રૂપ, મોર્ગન સ્ટેન્લીની નિમણૂક કરી

**નવી દિલ્હી:** અગ્રણી શેરબજાર એનએસઈએ તેના આગામી આઈપીઓના સંચાલન માટે સિટીગ્રૂપ અને મોર્ગન સ્ટેન્લી સહિતના ચાર મર્ચન્ટ બેન્કર્સની નિમણૂક કરી છે. બીજી ગ્લોબલ જોઈન્ટ કો-ઓર્ડિનેટર્સમાં જે એમ ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યૂશનલ સિક્યોરિટીઝ અને કોટક મહિન્દ્રા કેપિટલ કંપનીનો સમાવેશ થાય છે. એનએસઈએ લિગલ એડ્વાઈઝર તરીકે સિરિલ અમરચંદ મંગલદાસની નિમણૂક કરી છે. આની સાથે એનએસઈના લિસ્ટિંગની પ્રક્રિયાને વેગ મળ્યો છે. એનએસઈ વધુ બે બેન્કર્સની નિમણૂક કરે તેવી પણ ધારણા છે. એનએસઈએ ભારત અને વિદેશના બજારમાં તેના શેરના લિસ્ટિંગની યોજના બનાવેલી છે. તે જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં સેબીમાં ડ્રાફ્ટ પેપર સુપરત કરી શકે છે. એનએસઈના હરીફ શેરબજાર બીએસઈએ પણ આઈપીઓની પ્રક્રિયા ચાલુ કરી છે.